GJRJ190004962026

દાખલ તારીખ : ૨૪/૦૩/૨૦૨૬
રજી.તારીખ : ૨૪/૦૩/૨૦૨૬
ફેસલ તારીખ : ૩૦/૦૩/૨૦૨૬
અવધી : વર્ષ–,માસ–,દિવસ–૦૬

**ગોંડલના મ્હે. એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રી, ગોંડલ.**

**ફો.પ.અ.નં.૨૦૪/૨૦૨૬**

**આંક– ૦૫**

**(૧) રાકેશ ઉર્ફે પારસ ગુલસિંહ કનેશ**
ઉ.વ.આ.૨૨,ધંધો–મજુરીકામ,
રહે.સંજયભાઇ બેરાણીની વીડીમાં,
તા.કોટડા સાંગાણી,જી.રાજકોટ.
મુળ રહે.જીરન છાછટા,
તા.ભાભરા,જી.અલીરાજપુર.
**(હાલ સબ જેલ,ગોંડલ)** **::::::::::::અરજદાર**

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર** **::::::::::::સામાવાળા**

**બાબત :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

અરજદાર/આરોપી તરફે : વિ.વ.શ્રી.એસ.એન.પરમાર
સરકારશ્રી તરફે : વિ.એડી.પી.પી.શ્રી. જી.કે.ડોબરીયા.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**–// ચુકાદો //–**

એડી.સેશન્સ જજ, ગોંડલ.

(૧) અરજદાર/આરોપી વિરૂદ્ધ કોટડા સાંગાણી પો.સ્ટે. ગુ.રજી. નં.૧૧૨૧૩૦૨૬૨૬૦૦૧૮/૨૦૨૬ થી બી.એન.એસ. કલમ–૧૦૮ , ૧૧૫(૨), ૮૫ તથા ૫૪ (તેની સંલગ્ન આઇ.પી.સી.કલમ–૩૦૬, ૪૯૮(એ),૩૨૩,૧૧૪ મુજબનો ગુન્હો નોંધાયેલ અને તે ગુન્હા સબબ અરજદાર હાલ જયુડીશ્યલ કસ્ટડીમાં હોય,જેથી હાલની આ બી.એન.એસ. એસ.કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદારએ અરજી દાખલ થતા, સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રીએ હાજર થઇ તપાસના કાગળો તથા તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું આંક–૪ થી રજુ રાખવામાં આવેલ છે. જે તમામ રેકર્ડ ઉપરના દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેવામાં આવેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી.એસ.એન.પરમાર નાઓએ દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર સંપુર્ણ નિર્દોષ છે. અરજદારએ કોઇ ગુન્હો કરેલ નથી. અરજદારએ ગુજરનારને મરી જવા માટે ઈરાદા પુર્વક કોઇ દુષ્પ્રેરણ કરેલ હોય તેવુ બનેલ નથી. આ કામના અન્ય આરોપીઓને ફો.પ.અ.નં.૫૭/૨૦૨૬ થી જામીન મુકત કરવામાં આવેલ છે. જેથી હાલના અરજદારને પેરીટીનો લાભ આપી જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં અરજદાર સામે તપાસ પુર્ણ થઇ ગયેલ છે અને ચાર્જશીટ ફાઇલ થઇ ગયેલ છે. તેમજ અરજદાર પાસેથી હવે કોઇ રીકવરી ડિસ્કવરી કરવાની બાકી રહેતી નથી. તેમજ અરજદાર સામે આક્ષેપાયેલ ગુન્હાની સજાની જોગવાઇ વધુમાં વધુ ૧૦ વર્ષની છે. તેમજ અરજદારનો કોઇ ગુનાહિત ઈતિહાસ નથી. જેથી અરજદારને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં તેઓની દલીલમાં જણાવે છે કે, અરજદાર કુટુંબ કબીલાવાળા છે, કુટુંબના ભરણપોષણની જવાબદારી અરજદારના શીરે છે. અરજીમાં જણાવેલ સરનામેના કાયમી નિત્ય નિવાસી છે. કયાંય નાશી ભાગી જાય તેમ નથી અને તેઓને જામીન મુકત કરવામાં આવશે તો નામ. કોર્ટની તમામ શરતોનુ પાલન કરવાની ખાત્રી આપે છે. આ તમામ હકિકતો અને અરજદાર વિરુદ્ધ

આક્ષેપીત ગુન્હાનો પ્રકાર તથા સજાની જોગવાઇ ધ્યાને લઇ હાલની આ અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૪) <u>સામાવાળા સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રીએ</u> એવી રજુઆત કરેલ છે કે, અરજદારો વિરૂધ્ધ ગંભીર ગુન્હાનો આક્ષેપ છે. આ કામે ફરીયાદ હકિકત જોતા, આ કામના આરોપીઓએ ફરીયાદીની દિકરી રવીના પોતાના બે વર્ષના લગ્નજીવન દરમ્યાન અવાર નવાર ધરકામ બાબતે મેણા ટોણા મારી મુંઢમાર મારી શારીરીક માનસીક દુ:ખ ત્રાસ આપતા હોય જે અસહ્ય શારીરીક માનસીક દુ:ખ ત્રાસના કારણે ફરીયાદીની દિકરી રવીના કંટાળી જઇ મરવા માટે મજબુર થઇ, પોતાની જાતે ઝેરી દવા પી જતા મરણ ગયેલ, આમ આ કામના આરોપીઓએ ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ હોય જેથી અરજદારના જામીન નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંન્ને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆત અરજીમાં જણાવેલ હકિકતો, અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા, તપાસના કાગળો તથા તપાસનીશ અમલદારનું સોગંદનામું વંચાણે લીધુ, તેમજ પોલીસ પેપર્સ વંચાણે લીધા, આ કામે ફરીયાદ હકિકત જોતા, આ કામના આરોપીઓએ ફરીયાદીની દિકરી રવીના પોતાના બે વર્ષના લગ્નજીવન દરમ્યાન અવાર નવાર ધરકામ બાબતે મેણા ટોણા મારી મુંઢમાર મારી શારીરીક માનસીક દુ:ખ ત્રાસ આપતા હોય જે અસહ્ય શારીરીક માનસીક દુ:ખ ત્રાસના કારણે ફરીયાદીની દિકરી રવીના કંટાળી જઇ મરવા માટે મજબુર થઇ, પોતાની જાતે ઝેરી દવા પી જતા મરણ ગયેલ, આમ આ કામના આરોપીઓએ ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરેલાનો આક્ષેપ છે.

(૫.૧) સદર કામે તપાસ કરનાર અમલદારશ્રી દ્રારા અરજી અન્વયેના અભિપ્રાયથી જે હકિકતો જાહેર કરેલ છે તે ધ્યાને લીધી. અત્રેની અદાલત ''જામીન એ નિયમ અને જેલ એ અપવાદ'' ના સિદ્ધાંત થી વાકેફ છે. વળી,

આજીવન કેદ કે દેહાંત દંડ રૂપી શિક્ષા પણ થઈ શકે તેવા ગુન્હાઓમાં સંડોવાયેલ આરોપી પણ પોતાનો જામીન ઉપર છુટવા માટેનો પ્રથમદર્શનીય કેસ હોવાનું દર્શાવે તો અદાલતે તેને જામીન ઉપર મુકત કરવાનો રહે છે. એટલે કે, માત્રને માત્ર સજાનું પ્રમાણે તે જામીન અરજી મંજુર કે નામંજુર કરવાનું નિર્ણાયક પરીબળ નથી. જામીન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે જે બાબત ધ્યાને લેવાની રહે છે તે એ છે કે, આરોપીનો જામીન ઉપર છુટવા માટેનો પ્રથમદર્શનીય કેસ, ગુન્હાની ગંભીરતા, આરોપીની ગુન્હામાં ભાગીદારી, બનાવ જેવા ગુન્હાનું ફરી વખત પુનરાવર્તન થવાની શકયતા, જામીનની દયાનો દુરઉપયોગ થવાની શયકતા, આરોપીની વ્યકિતગત સ્વતંત્રતાના હકકો, તથા સમાજનું હિત, ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી વિગેરે જેવા પરીબળો અદાલતે ધ્યાનમાં રાખવાનાં હોય છે, જેમાંથી એકાદ પરીબળ પણ આરોપીને જામીન ઉપર છુટવા માટે સમર્થનકર્તા ન હોય તો આરોપી જામીન ઉપર છુટાવના હકકો ગુમાવી બેસે છે.

**(૫.૨)** જામીન અરજીના તબકકે પુરાવાનું વિશ્લેષણ તેમજ કેસના મેરીટસ અંગે નિર્ણય ન કરવો જોઇએ તે અંગે નામદાર હાઇકોર્ટનો ચુકાદો ધ્યાને લઈએ તો,

***Laxmanbhai Karmanbha Gadhavi vs State Of Gujarat And Ors.***

***on 9 May, 2002***

***Equivalent citations: (2002)3GLR440***

*10.* ***Before parting, I may also state that now-a-days a tendency has developed in the subordinate Judges to decide the bail applications by detailed reasoned order, which is time and again deprecated by the Hon'ble Supreme Court as well as this Court. It is true that at times arguments are made by the Counsel appearing for the parties before the learned Judge at great length on merits, but as far as possible the Court should keep itself away from discussing the material in detail and giving its verdict on merits.*** *Any observation made by the Court while deciding the bail application is likely to cause embarrassment to*

*the learned Judge, who decides the case subsequently, therefore, it should be avoided.*

(૬) ઉપરોકત વિગતોએ અરજદાર વિરૂદ્ધનાં આક્ષેપો, ગુન્હાનો પ્રકાર તેમજ સજાની જોગવાઇ ધ્યાને લીધા. તપાસ કરનારનું સોગંદનામું ધ્યાને લેતા, આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ નં.૧૧/૨૦૨૬,તા.૧૭/૦૩/૨૦૨૬ નાં રોજ દાખલ થયેલ છે. કેસની તપાસ પુર્ણ થયેલ છે. કેસની ટ્રાયલ ચાલતા લાંબો સમય લાગે તેમ છે. વિશેષમાં આ કેસનાં સહ આરોપીઓને ફો.પ.અ.નં.૫૭/૨૦૨૬ થી જામીન મુકત કરેલ છે. તમામ હકિકતોએ જામીન અરજીના તબકકે વિશેષ પુરાવાની ચર્ચા અસ્થાને હોય, અરજદારની તરફેણમાં ડિસ્ક્રેશન વાપરવુ ન્યાયોચિત જણાતુ હોય, જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**-// હુ ક મ //-**

આ કામના અરજદાર/આરોપી **રાકેશ ઉર્ફે પારસ ગુલસિંહ કનેશ** નાઓની હાલની આ ફોજદારી પરચુરણ અરજી નં.૨૦૪/ ૨૦૨૬ **મંજુર** રાખવામાં આવે છે.

કોટડા સાંગાણી પો.સ્ટે. ગુ.રજી.નં.૧૧૨૧૩૦૨૬ ૨૬૦ ૦૧૮/૨૦૨૬ થી બી.એન.એસ. કલમ-૧૦૮,૧૧૫(૨),૮૫ તથા ૫૪ મુજબના ગુન્હાના કામે અરજદાર/આરોપીએ રૂા.૨૫,૦૦૦/- (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત જામીન આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અનવયે જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

/૧/ અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેંડા કરવા નહી કે સાક્ષી પુરાવા તોડવા, ફોડવા પ્રયત્ન કરવો નહી.

એડી.સેશન્સ જજ, ગોંડલ.

/૨/ અરજદાર/આરોપીએ તેમની વિરૂદ્ધનાં કેસનો આખર નીકાલ ન થાય ત્યાં સુધી હકુમત ધરાવતી ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી.

/૩/ અરજદાર/આરોપીએ પાસપોર્ટ ધરાવતા હોય તો સબંધિત કોર્ટમાં દિન–૭ માં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનુ સોગંદનામું રજુ કરવુ.

/૪/ અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન નિયમીત રીતે હાજર રહેવુ.

/૫/અરજદાર/આરોપીએ તેમના રહેણાંકનું પુરુ સરનામું મોબાઈલ નંબર સાથે લેખીત સોગંદનામાથી સબંધિત કોર્ટમાં તથા તપાસ કરનાર અમલદાર સમક્ષ રજુ કરવુ અને હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી વગર તેમાં ફેરફાર કરવો નહી.

/૬/ અરજદાર/આરોપીએ અન્ય કોઇ ગુન્હામાં સંડોવાવું નહી.

/૭/ જામીન સબંધિત કોર્ટ સમક્ષ આપવા.

સબંધિત કોર્ટ/પોલીસ સ્ટેશન/સેન્ટ્રલ જેલને જરૂરી યાદી/ઇ–મેઇલ કરવી.

આજ રોજ તારીખ ૩૦મી, માંહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ચુકાદો ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૩/૨૦૨૬
સ્થળ : ગોંડલ.
(R.A.ZALA)

**(હેમાંગ અશ્વીનભાઇ ત્રિવેદી)**
અધિક સત્ર ન્યાયાધિશ, ગોંડલ.
(UID No.GJ00591)

એડી.સેશન્સ જજ, ગોંડલ.